રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૭ –૦૭–૨૦૧૮

**–: અખબારી યાદી :–**

રાજ્ય ચૂંટણી આયોગે રાજ્યની વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧ની એક બેઠક તથા જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૫ની એક બેઠકની પ્રસંગોપાત ખાલી પડેલ એમ મળી કુલ ૨ બેઠકોની પેટા ચૂંટણી તા.૦૮–૦૭–૧૮ના રોજ યોજવા તા.૧૧–૦૬–૨૦૧૮ના રોજ કાર્યક્રમ જારી કરેલ.

ઉક્ત ૨ મહાનગરપાલિકાઓની ૨ બેઠકો માટેની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના–૨, અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના–૨ એમ મળી કુલ ૪ ઉમેદવારો હરીફાઈમાં રહેલ છે. કોઈ ઉમેદવાર બિનહરીફ જાહેર થયેલ નથી.

તા.૦૮–૦૭–૨૦૧૮ ના રોજ યોજાનાર ચૂંટણી અંગેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ચૂંટણીની વિગત | મહાનગરપાલિકા પેટા ચૂંટણી |
|---|---|---|
| ૧ | ચૂંટણી હેઠળની કુલ બેઠકો | ૨ |
| ૨ | મતદાન મથકોની સંખ્યા | ૯૬ |
| ૩ | મતદારો પુરૂષ | ૩૯૭૦૦ |
| ૪ | મતદારો સ્ત્રી | ૩૮૮૭૧ |
| ૫ | કુલ મતદારો | ૭૮૫૭૧ |
| ૬ | ચૂંટણી અધિકારીઓની સંખ્યા | ૨ |
| ૭ | મદદનીશ ચૂંટણી અધિકારીઓની સંખ્યા | ૨ |
| ૮ | પોલીગ સ્ટાફની સંખ્યા (અંદાજીત) | ૫૫૦ |
| ૯ | પોલીસ સ્ટાફની સંખ્યા (અંદાજીત) | ૨૦૪ |

તા.૦૮–૦૭–૨૦૧૮ ના રોજ મતદાન માટે જિલ્લા તંત્ર ધ્વારા નિયુક્ત કરેલ મતદાન ટુકડીઓ મતદાનની સામગ્રી સહિત આજરોજ પોત પોતાના નિયુક્ત કરવામાં આવેલ મતદાન મથકો પર પહોંચી ગયેલ છે.

તા.૦૮–૦૭–૨૦૧૮ના રોજ યોજાનાર મહાનગરપાલિકાઓની પેટા ચૂંટણીમાં મતદાન મથકે મત આપવા જનાર મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. **અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજૂ ન કરી શકે તો રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૨૫–૧૧૨૦૧૬–ક તા. ૨૬–૧૧–૨૦૧૬ થી નક્કી કરેલ ફોટા સાથેના આધારકાર્ડ સહિતના વિવિધ ૧૪(ચૌદ) દસ્તાવેજી પુરાવાઓમાંથી કોઈપણ એક પુરાવો રજૂ કરી મતદાન કરી શકશે.**

મહાનગરપાલિકાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીમાં મતદારો વીજાણુ મતદાન યંત્રો (ઈ.વી.એમ.) ના ઉપયોગથી મતદાન કરશે.

જે મતદાન મથકો પર મતદાન થવાનું છે તે પૈકી સંવેદનશીલ / અતિસંવેદનશીલ મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે વધારાના પોલીસ ફોર્સ / પોલીસ પેટ્રોલીગની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

P.T.O

Scanned by CamScanner

રાજ્યની મહાનગરપાલિકાની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓ મુક્ત , ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ છે. રાજ્ય ચૂંટણી આયોગ રાજ્યના મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં પૂર્ણ સહયોગ આપવા અપીલ કરે છે.

રાજ્ય ચૂંટણી આયોગ તથા જિલ્લાના વહીવટી તંત્રે આ ચૂંટણીઓમાં મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે જરૂરી વ્યવસ્થા કરી છે ત્યારે આ લોકતાંત્રિક પર્વમાં રાજકીય પક્ષો, આગેવાનો, ઉમેદવારો, મતદારો તથા જનતા સહયોગ આપશે તેવી રાજ્ય ચૂંટણી આયોગ શ્રધ્ધા વ્યક્ત કરે છે.

**ક્રમાંક: રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૭૨૦૧૮–ક**

(એ.એ.રામાનુજ)
**સંયુક્ત કમિશ્નર**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશનરશ્રી,**
**ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
(આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી છે.)
–રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ

Scanned by CamScanner